# AI બ્રાઉઝરનો જમાનો આવી રહ્યો છે




**ટેક-ટોક**
★ આનંદ ગાંધી

વેબસાઇટનો જમાનો આવ્યો એ સાથે જ વેબ બ્રાઉઝરની જરૂર પડી. વેબ બ્રાઉઝર વગર વેબસાઇટ એટલે કે વર્લ્ડ વાઇડ વેબની શરૂઆત ન થઈ હોત. ઇન્ટરનેટનો એક્સેસ મેળવવા માટે કે દુનિયા સાથે કનેક્ટ થવા માટે બ્રાઉઝર એ મૂળભૂત આવશ્યકતા છે. ટેકનિકલ વેબ કોડ જેવા કે એચટીએમએલ (HTML), સીએસએસ (CSS) અને જાવાસ્ક્રિપ્ટ (JavaScript)ને વિઝ્યુઅલ અને યુઝર-ફ્રેન્ડલી પેજમાં કન્વર્ટ કરવા માટે વેબ બ્રાઉઝરની જરૂર પડે છે. આજે તો ચેટબોટ્સ અને સોશિયલ મીડિયાના કારણે ઇન્ટરનેટનો ઉપયોગ જુદી રીતે થઈ શકે છે અને તેનો એક્સેસ પણ મળી શકે છે, પરંતુ જ્યારે તેની શોધ થઈ ન હતી અને એપ્સ પણ ન હતી ત્યારે વેબ બ્રાઉઝર એ પાયાની જરૂરિયાત હતી. તેના વગર ઇન્ટરનેટમાં રહેલી માહિતીનો એક્સેસ મળતો નહીં. આજે આપણે ચેટબોટ્સને પૂછીને વેબ બ્રાઉઝરને બાયપાસ કરીને પણ માહિતી મેળવી શકીએ છીએ. ચેટબોટ્સની એપમાંથી અલગ ગેટવે બનાવીને વર્લ્ડ વાઇડ વેબનો એક્સેસ મેળવી શકાય છે. જોકે, એપ્સ માટેની સમગ્ર વ્યવસ્થા પણ એક રીતે વેબ બ્રાઉઝરનું જ એક્સટેન્શન છે, ફક્ત તેનું ફોર્મેટ બદલાયું છે.

શરૂઆતમાં નેક્સસ અને નેટસ્કેપ નેવિગેટર જેવા વેબ બ્રાઉઝર્સ હતા. ત્યારબાદ ગૂગલ કંપનીની સ્થાપના થઈ અને ગૂગલે ક્રોમ નામનું બ્રાઉઝર લોન્ચ કર્યું. 2008માં લોન્ચ થયેલું ગૂગલ ક્રોમ આજે વિશ્વનું નંબર-વન બ્રાઉઝર છે. બ્રાઉઝરના માર્કેટમાં ગૂગલ ક્રોમનો હિસ્સો લગભગ 69 ટકા જેટલો ઊંચો છે. વિશ્વમાં લગભગ 16 ટકા લોકો માઇક્રોસોફ્ટનું એજ બ્રાઉઝર ઉપયોગમાં લે છે. કુલ મળીને આશરે 550 કરોડ લોકો કોઈને કોઈ બ્રાઉઝરની મદદથી ઇન્ટરનેટ પર સર્ચ કરે છે. સર્ચ એન્જિન અને વેબ બ્રાઉઝર બંને અલગ બાબતો છે. સર્ચ એન્જિનના ક્ષેત્રમાં ગૂગલની મોનોપોલી હોવાથી તેનો લાભ સર્ચ એન્જિન અને બ્રાઉઝર બંનેને મળે છે. પરંતુ એક વાત યાદ રાખો, બ્રાઉઝર વગર સર્ચ એન્જિન સુધી પહોંચી શકાય નહીં.

બ્રાઉઝર્સના આવા દબદબા વચ્ચે ચેટબોટ્સનું આગમન થયું અને ચિત્ર થોડું બદલાયું. એપમાંથી જ ચેટબોટ્સને સવાલો પૂછીને જાણકારી મેળવવાનું વધુ સરળ બન્યું. હવે વેબ બ્રાઉઝર્સને પડકાર આપવા માટે માત્ર ચેટબોટ્સ જ નહીં, પરંતુ AI બ્રાઉઝર્સ પણ આવી ચૂક્યા છે. AI ચેટબોટ્સ અને AI બ્રાઉઝર્સને એક જ વસ્તુ માનવાની ભૂલ ન કરશો. બંને અલગ બાબતો છે. ચેટબોટ્સ પણ માહિતી શોધીને આપે છે અને AI બ્રાઉઝર્સ પણ એ જ કામ કરે છે. છતાં બંનેમાં મૂળભૂત તફાવત છે. ચેટબોટ્સ ટેક્સ્ટ આધારિત કન્વર્સેશન ફોર્મેટમાં કામ કરે છે. પ્રોમ્પ્ટના જવાબો આપવા માટે તેમની ડિઝાઇન કરવામાં આવી છે. જ્યારે AI બ્રાઉઝર્સ એક અલગ પ્રકારનો સોફ્ટવેર પ્રોગ્રામ છે, જે આખા ઇન્ટરનેટમાં નેવિગેશન કરે છે અને ડીપ સર્ચ કરવામાં મદદરૂપ બને છે.

**ગૂગલ ક્રોમ, સફારી, માઇક્રોસોફ્ટ એજ, મોઝિલા જેવા બ્રાઉઝર્સ યુઝર્સની પહેલી પસંદ છે જ, પણ હવે AI બ્રાઉઝર્સ પોતાનું ઓડિયન્સ ક્રિએટ કરી રહ્યા છે, હવે વેબસર્ચની પદ્ધતિ બદલાઈ જવાની છે**

વેબસાઇટ સુધી પહોંચવાનું ગેટવે તરીકે AI બ્રાઉઝર્સ કામ કરે છે. તે આખા આર્ટિકલની સમરી આપે છે. એકથી વધુ ટેબ ખોલવાની સુવિધા પણ તેમાં મળે છે. AI બ્રાઉઝર્સ માત્ર AI ચેટબોટ્સની જેમ કમાન્ડના આધારે ટેક્સ્ટ, ફોટો કે વીડિયો જનરેટ કરવા પૂરતા મર્યાદિત નથી. તેમનું કામ ક્રોમ, મોઝિલા અને સફારી જેવા બ્રાઉઝર્સ જેવું જ છે, પરંતુ તેમાં AIની વધારાની ક્ષમતાઓ પણ ઉમેરવામાં આવી છે.

AI બ્રાઉઝર્સ ક્રોમ જેવા પરંપરાગત બ્રાઉઝર્સથી એ રીતે અલગ પડે છે કે તે AI ચેટબોટ્સની જેમ સીધી સમરી આપે છે. હાલમાં સામાન્ય બ્રાઉઝરમાં સર્ચ કરતાં વેબસાઇટ્સની યાદી જોવા મળે છે, જ્યારે AI બ્રાઉઝર્સમાં એવું જરૂરી નથી. જો તમે ખાસ માંગશો નહીં તો તે વેબસાઇટની લિંક આપશે નહીં, પરંતુ સવાલના સીધા જવાબો આપશે. AI બ્રાઉઝર્સ યુઝર્સનો સમય બચાવે છે, પરંતુ તેની સામે વિશ્વસનીયતાનો પ્રશ્ન પણ ઊભો થઈ શકે છે. કારણ કે AI ચેટબોટ્સની જેમ AI બ્રાઉઝર્સ પણ પોતાની રીતે માહિતીનું સંક્ષિપ્ત વિશ્લેષણ કરીને જવાબ આપે છે. તેથી જો તમે સોર્સ સાથે માહિતી નહીં માંગો તો તે દરેક વખતે સોર્સ દર્શાવશે જ એવું જરૂરી નથી.

અત્યારે ઓપનAIનું ચેટજીપીટી, એટલાસ, પરપ્લેક્સિટી કોમેટ, માઇક્રોસોફ્ટ એજ અને ઓપેરા વન જેવા AI બ્રાઉઝર્સ લોકપ્રિય બની રહ્યા છે. કદાચ આગામી વર્ષોમાં ઇન્ટરનેટ પર સર્ચ કરવાની પદ્ધતિ જ બદલાઈ જાય તો નવાઈ નહીં. શક્ય છે કે ભવિષ્યમાં પરંપરાગત વેબ બ્રાઉઝર્સનું સ્થાન મોટા પ્રમાણમાં AI બ્રાઉઝર્સ લઈ લે.



## ઇસ દૌર મેં ઇંસાન કા ચેહરા નહીં મિલતા
## કબ સે મૈં નક઼ાબોં કી તહેં ખોલ રહા હૂં

- મુગ઼ીસુદ્દીન ફ઼રીદી

**કેફિયત**
★ હનીફ મહેરી

આ યુગમાં માણસનો ચહેરો નથી મળતો, ક્યારથી હું નકાબોના ભીતરે પડ ખોલી રહ્યો છું. આ સમયમાં સૌથી વધુ જો કોઈ કટોકટી કે તંગી હોય તો તે સાચા માણસના ચહેરાની છે. બધા જ બુકાની બાંધીને પોતાના ચહેરાને કોઈ ને કોઈ દંભના નકાબથી બાંધીને ઊભા છે. આ બુકાનીઓ કોઈ છોડે તો માણસનો ચહેરો નજરે પડે. માણસને દર્પણમાં પણ પોતાનો સાચો ચહેરો જોવા મળતો નથી. ત્યાં પણ એ કોઈ ને કોઈ રીતે પોતાની જાતને સંતાડીને અરીસા સામે રજૂ થાય છે. માણસના સાચા ચહેરાની આ યુગ(દૌર)માં ખરેખર તંગી છે. માણસ જો પોતાના અસ્તિત્વને પારખી જાય તો તેને કોઈ નકાબની જરૂર નહીં પડે. એક ચહેરા પર બીજો ચહેરો ચીપકાવાની જરૂર નહીં પડે. આ વિશ્વમાં ઈશ્વરની સૌથી અજાયબ ભેટ માણસ છે પરંતુ માણસે દુનિયામાં પોતાની મહત્તાને બનાવી રાખવા તેના ચહેરાને જાતજાતના નકાબોથી ઢાંકી રાખ્યો છે. સાચો ચહેરો હવે ખુદ માણસને પણ જોવા મળતો નથી. માણસનો તેજસ્વી ચહેરો તેના અસલ રૂપમાં બહાર લાવવા બુકાનીના ભીતરે પડ (તહેં) ખોલતાં રહો તો પણ ચહેરો બહાર આવતો નથી. આ યુગમાં માણસનો ચહેરો એટલે તેની સજ્જનતા, તેની લાગણી અને કરુણા, તેની સત્ય અને પ્રેમ પ્રત્યેની નિષ્ઠા, તેની ધર્મ પ્રત્યેની પ્રતિબદ્ધતા, આ સૌથી આગળ વધીને તેની માનવજાત પ્રત્યેની માણસાઈ. આ જો નજરે પડે તો માણસનો ચહેરો સ્પષ્ટ જોઈ શકાય. બાકી બુકાનીનાં પડ ક્યારે પણ ખૂલી શકવાના નથી. માણસ તેના જુદા જુદા દંભ લઈને સામે આવે તો તેનો સાચો ચહેરો જોઈ શકાય નહીં. આ યુગમાં માણસનો સાચો ચહેરો જો જોવા મળે તો યુદ્ધ થંભી જાય. નફરત દૂર થઈ જાય. કોઈનું પણ અપમાન થતું અટકી જાય. એક માણસ બીજા માણસને સ્નેહ અને આદરથી આવકાર આપતો થાય. આખી દુનિયામાં માણસાઈનો વિજય થાય. આખરે માણસનો પહેલો ધર્મ તેની માણસાઈ જ છે. બસ સારા માણસ બનો તો પણ ઘણું.